# પોસઇ ભરતી બોર્ડ-૨૦૨૧

**પોલીસ મહાનિદેશક, તાલીમની કચેરી,**

**૬ઠો માળ, પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૯**

**જાહેરાત ક્રમાંક : PSIRB/202021/1**

૧/- પો.સ.ઇ. કેડરની ભરતી પ્રક્રિયા માટે તા.૧૫/03/૨૦૨૧ નારોજ દૈનિક પત્રોમાં જાહેરાત તેમજ વેબસાઇટ ઉપર સુચનાઓ આપવામાં આવેલ અને તે અનુસંધાને તા.૧૬/03/૨૦૨૧ થી તા.૩૧/03/૨૦૨૧ સુધી OJAS ની વેબસાઇટ ઉપર ઓનલાઇન અરજીઓ સ્વીકારવામાં આવેલ.

૨/- પો.સ.ઇ. કેડરની ભરતી પ્રક્રિયામાં જે કોઇ ઉમેદવાર ઓનલાઇન અરજી કરી શકયા ન હોય તેઓને એક તક મળે તે હેતુથી ઓનલાઇન અરજીઓ <u>તા.૦૫/૧૦/૨૦૨૧ (બપોરના કલાકઃ ૧૫.૦૦ થી તા.૨૦/૧૦/૨૦૨૧ (રાત્રિના કલાકઃ ૧૧.૫૯)</u> સુધી OJASની વેબસાઇટ ઉપર સ્વીકારવા જાહેરાત કરવામાં આવેલ.

૩/- સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૧૪/૧૦/૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ.૫. માં જણાવ્યા મુજબ <u>"સિધી ભરતી માટેની ઉપલી વય મર્યાદામાં એક વર્ષની છુટછાટ તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૨ સુધીના સમયગાળા માટે આપવા"</u> જણાવેલ હોઇ તેના આધારે ઓનલાઇન અરજી સ્વીકારવાનો નો સમયગાળો તા.૨૭/૧૦/૨૦૨૧ સુધી વધારવામાં આવેલ.

૪/- સરકારશ્રી, ગૃહવિભાગ, ગાંધીનગરના તા.૦૪/૦૧/૨૦૨૧ ના નોટીફિકેશન નંબરઃ જીજી/જીયુજે/૪/૨૦૨૧/એમએચકે/૧૦૨૦૨૧/૩૩૫/સી આધારે પો.સ.ઇ. કેડરની તા.૧૫/03/૨૦૨૧ નારોજ આપવામાં આવેલ જાહેરાત (સુચનાઓ)ના મુદદા નંબરઃ૧૫, પાના નંબરઃ ૮, ફકરા નંબરઃ ૨ માં "શારીરિક ક્ષમતા કસોટી (**Physical Efficiency Test**) તથા શારીરિક માપદંડ (**Physical Standard Test**) માં ઉત્તીર્ણ તમામ ઉમેદવારોને અથવા મેરીટના આધારે ખાલી જગ્યાના કેટેગીરીવાઇઝ ૧૫ (પંદર) ગણા ઉમેદવારોને બંન્નેમાંથી જે ઓછા હોય તે પ્રિલિમીનરી પરીક્ષા માટે બોલાવવામાં આવશે." તેમ જણાવેલ હતુ.

૫/- સરકારશ્રી, ગૃહવિભાગ, ગાંધીનગરના તા.૨૨/૧૦/૨૦૨૧ના નોટીફિકેશન નંબરઃ જીજી/જીયુજે/ ૮૯/૨૦૨૧/એમએચકે/૧૦૨૦૨૧/સીએમઓ-૭૭/સી થી પો.સ.ઇ. સંવર્ગના સિધી ભરતીના સ્પર્ધાત્મક (પરિક્ષા) નિયમોમાં ફેરફાર થયેલ છે, જેમાં ઉપરોકત પેરા રદ કરવામાં આવેલ છે જેથી હવે "શારીરિક ક્ષમતા કસોટી (**Physical Efficiency Test**) તથા શારીરિક માપદંડ (**Physical Standard Test**) માં ઉત્તીર્ણ તમામ ઉમેદવારોને પ્રિલિમીનરી પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

૬/- ઉપરોકત પેરા નંબરઃ ૫ માં જણાવેલ સરકારશ્રીના નોટીફિકેશન આધારે ઉમેદવારે વધુ એક તક મળે તે હેતુથી નીચે જણાવેલ સુધારા મુજબ ઓનલાઇન અરજી OJAS ની વેબસાઇટ ઉપર કરી શકે છે.

:: સુચનાઓ ::

(A) ઓનલાઇન અરજીઓ તા.૦૫/૧૦/૨૦૨૧ (બપોરના કલાકઃ ૧૫.૦૦) થી તા.03/૧૧/૨૦૨૧ (રાત્રિના કલાકઃ ૧૧.૫૯) સુધી OJASની વેબસાઇટ ઉપર સ્વીકારવામાં આવશે.

(B) તા.૦૫/૧૦/૨૦૨૧ થી તા.03/૧૧/૨૦૨૧ દરમ્યાન ઓનલાઇન અરજી કરનાર ઉમેદવારની વય મર્યાદા તા.03/૧૧/૨૦૨૧ નારોજની સ્થિતીએ ગણવાની રહેશે. તેમજ શૈક્ષણિક લાયકાત, જાતિનું પ્રમાણપત્ર, નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ, NCC "C" સર્ટીફિકેટ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી / રક્ષા શકિત યુનિવર્સિટીનું પ્રમાણપત્ર, રમત-ગમતનું પ્રમાણપત્ર, વિધવાનું પ્રમાણપત્ર સીધી ભરતી થવા માટેની વધારાની તમામ લાયકાત અને તમામ પ્રકારના સર્ટીફિકેટ તા.03/૧૧/૨૦૨૧ સુધીમાં ઇશ્યુ થયેલા હોવા જોઇએ.

(C) સામાન્ય (General) વર્ગના ઉમેદવારોએ પોસ્ટ ઓફિસ ખાતે ફી ભરવા માટે રૂ.૧૦૦/- તથા પોસ્ટ ઓફીસ સર્વિસ ચાર્જીસના નાણાં રૂ.૧૨/- મળી કુલ રૂ.૧૧૨/- ભરવાના રહેશે અને ઓનલાઇન ફી ભરવા માટે રૂ.૧૦૦/- તથા સર્વિસ ચાર્જીસના નાણાં રૂ.૫.૯૦/- મળી કુલ રૂ.૧૦૫.૯૦ ભરવાના રહેશે. પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તા.૦૯/૧૧/૨૦૨૧ (કચેરી સમય સુધી) તથા ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તા.૦૯/૧૧/૨૦૨૧ (રાત્રિ કલાકઃ ૨૩.૫૯ સુધી) છે.

(D) ઉપરોકત સુચનાઓ સિવાય તા.૧૫/03/૨૦૨૧ ની વિગતવારની જાહેરાત (સુચનાઓ) વાંચી લેવાની રહેશે (ભરતી બોર્ડની www.psirbgujarat2021.in વેબસાઇટ પર ઉપલબ્ધ છે.), તે તથા વખતો વખતની સુચનાઓ બંધનકર્તા રહેશે.

(વિકાસ સહાય, IPS)

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૨૭/૧૦/૨૦૨૧

અધ્યક્ષ પો.સ.ઇ. ભરતી બોર્ડ-૨૦૨૧ અને
પોલીસ મહાનિદેશક (તાલીમ),
ગુજરાત રાજય, ગાંધીનગર.